॥ सा विद्या या विमुक्तये ॥

# શારદા

વર્ષ ૭ | જાન્યુઆરી-ફેબ્રુઆરી-૧૯૮૭ | અંક ૫

# વાલીઓને,

## માતૃભાષામાં શિક્ષણ અને અંગ્રેજી

અંગ્રેજો જ્યારે ભારત ઉપર રાજ્ય કરતાં હતા ત્યારે અંગ્રેજી માધ્યમની શાળાઓ ઓછી હતી. મોટાભાગના વિષયોનું શિક્ષણ માતૃભાષામાં અપાતું અને સારૂં અંગ્રેજી શ્રેણી પાંચ (એ જમાનામાં ફર્સ્ટ સ્ટાન્ડર્ડ તરીકે ઓળખાતા) વર્ગથી અપાતું. કોલેજમાં જતાં, અંગ્રેજી માધ્યમથી ભણી શકાય એવા અંગ્રેજીથી વિદ્યાર્થીઓ તૈયાર થતાં.

સ્વરાજ આવતાં આઠમા ધોરણથી અંગ્રેજી આપવાની વાત આવી. આનો અમલ અણઘડ રીતે થયો અને એની આડકતરી નીપજ તરીકે અંગ્રેજી માધ્યમની શાળાઓ ઊભી થઈ. પ્રજામતને વશ થઈ ફરીથી અંગ્રેજી પાંચમાંથી આપવાનો વિકલ્પ સ્વીકારવો પડયો પરંતુ ત્યાં સુધીમાં તો શ્રેણી ૫ થી ૭ નાં અંગ્રેજી શિક્ષણનું વ્યવસ્થા તંત્ર તૂટી ચૂકયું હતું.

સદ્ભાગ્યે એવો વિચારશીલ વર્ગ ગુજરાતમાં સારા પ્રમાણમાં રહયો, જે માનતો હતો કે બાળકને શિક્ષણ, પ્રાથમિક, માધ્યમિક કક્ષાએ ગુજરાતીમાં જ અપાવુ જોઈએ; પણ સાથે સારી કક્ષાનું અંગ્રેજી વિદ્યાર્થીને આ વર્ષોમાં મળવું જોઇએ. પોતાના બાળકને અંગ્રેજી માધ્યમમાં મૂકી, પસ્તાઈ, ગુજરાતી માધ્યમમાં વેળાસર મૂકી શકયા, તેઓ સદ્ભાગી, બાકી બાળકનું ભવિષ્ય આ વ્યવસ્થાથી સુધરી ન શકે એવા કમનસીબની સંખ્યા પણ સારી એવી રહી.

આમ છતાં ગુજરાતી માધ્યમમાં અભ્યાસ કરતાં તેજસ્વી વિદ્યાર્થીઓ તેમની કક્ષાના અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ સાથે હળતાંમળતાં સંપૂર્ણ વિશ્વાસ કેળવે તે હેતુથી એક પગલું આગળ જઈ વાતચીતનાં અંગ્રેજી માટેની વ્યવસ્થા કરવાનું અમે વિચાર્યું, અને ગયે વર્ષે તેનો પ્રયોગ કર્યો આ પ્રયોગ ખૂબ સફળ થયો. તેનાથી પ્રોત્સાહીત થઈ આ વર્ષે શ્રેણી પાંચ અગાઉના વર્ષોમાં અંગ્રેજી સ્વૈચ્છિક રીતે દાખલ કરવાનું અમે વિચાર્યું અને નવા શરૂ થયેલાં વર્ષથી તેનો પ્રયોગ કર્યો. મને આનંદ છે કે ઘણા વાલીઓએ આ પ્રયોગને આવકાર્યો છે. વિદ્યાર્થીઓ જે ઉત્સાહથી પોતાનો પ્રત્યાઘાત આપે છે તે જોતાં આપણે જે કક્ષાનાં અંગ્રેજીની અપેક્ષા રાખીએ છીએ તે કક્ષાનું અંગ્રેજી શ્રેણી ૧૦ છોડતાં વિદ્યાર્થીને પ્રાપ્ત થયું હશે તેવો વિશ્વાસ રાખી શકીએ છીએ. અમારા આ પ્રયોગોમાં સૌ વાલીઓનો સહકાર અસરકારક પરિબળ બને છે તે માટે આભારની લાગણી સાથે વિરમું છું.

દિનુભાઈના વંદન

## ચિંતન

ઝાકળ ઝંઝાવાતે ઝુકતાં ઝરુખે,
ઝુમતાં એ જંગની જાગૃતિ જાય ના,

નદીનાં કિનારાની ભીની એ માટીમાં,
કોઈ અનોખી છાયા રચાય આજ,

**દિલ છે પતંગ અને કાયા છે દોર એની,**
દોર વિનાનો એ પતંગ કલ્પાય ના,

કિન્ના છે બાંધેલી અંતરના ઝુમખાની,
અડધેથી તૂટીને પતંગ દૂર જાય ના,

દિલની દુનિયા છે એક નાનકડી નાવડી,
સાગરનાં ઝોલામાં, દૂર એ ફંટાય ના,

થઈ જવાનું થાય, ના થવાનું પણ થાય,
કાયા પલટાય ત્હોંય આત્મા પલટાય ના,

ધારા પરીખ : ૯-બ

# એ સૌજન્ય કેમ ભૂલાય?

બાળકોનાં પ્રવાસો આનંદમય બને તે માટે અમને વાલીઓનો અને શુભેચ્છકોનો ખૂબ સહકાર મળે છે. તે સૌ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરતાં ખૂબ આનંદ થાય છે.

પ્રવાસી બાળકો ઉત્કંઠેશ્વર પહોંચે ત્યારે ત્યાં બાળકોની સુવિધા માટે શ્રી ચીમનભાઈ શંકરભાઈએ યોગાશ્રમમાં બાળકો માટે રૂમો આગવી રાખવી, અગાઉથી માણસ મોકલી, રસોઈ તૈયાર રખાવી હતી. સૌ બાળકોએ આનંદથી યોગાશ્રમની મહેમાનગતિ માણી. વ્યવસ્થાનું કામ કરતાં **શ્રી ચંદુભાઈએ** પણ બાળકોને કોઈ મુશ્કેલી ન પડે તે માટે સતત કાળજી રાખી.

**ડૉ. સૂર્યકાંતભાઈ પટેલ** આ સંસ્થાનાં સ્વજન છે અને ડાકોરની પટેલવાડીથી બાળકો સુપરિચિત છે. ડૉ. શ્રી સૂર્યકાંતભાઇએ ઉતારા માટેની સૂચના મોકલી હતી, એટલે ગાદલા રજાઈ રૂમોમાં ગોઠવાઇ ગયાં હતાં. શ્રી મગનભાઈ અને તેમનું કુટુંબ પણ બાળકોને કોઈ મુશ્કેલી ન પડે તેની સતત કાળજી લેતાં હતાં "સાહેબ, આ વખતે વધુ ન રોકાયાં" એવો શ્રી મગનભાઈનો મીઠો ઠપકો અમે મૂંગે મોઢે સાંભળી લીધો.

પાવાગઢ માટે ત્યાંનાં માયાળુ પોલીસ અધિકારી શ્રી મહેન્દ્રભાઈના અમે આ જ માસમાં બીજીવાર મહેમાન બન્યાં. તેમણે તથા તેમનાં કુટુંબીજનોએ સતત સાથે રહી લકી સ્ટુડીયો, મિલ્ટનની ફેકટરી, સફારીની ફેકટરી જેવા જોવા લાયક સ્થળો અને ધાબાડુંગરી અને તાજપુર આશ્રમમાં ભોજન અને ઉતારાની વ્યવસ્થા ખૂબ જ લાગણીપૂર્વક ગોઠવી અને બાળકો પોતાને ત્યાં આવ્યાં એ ગૌરવની વાત છે તેવી લાગણી વ્યક્ત કરી, સક્ષમતા અને સૌજન્યનાં સુમેળનો પરિચય કરાવ્યો.

આ સંસ્થાના વાલી અને ભૂતપૂર્વ વિદ્યાર્થી ભાઈ શ્રી ડૉ. વિક્રમ પટેલે લાગણીપૂર્વક વાસદ મુકામે બાળકોને માટે વિરામ લેવા માટેની ગોઠવણ કરી. પોતાનો ભાણેજ જે શાળામાં અભ્યાસ કરે છે તે શાળાનાં બાળકોની આગતા સ્વાગતા લાગણીપૂર્વક **શ્રી અંબાલાલભાઇએ** કરી, શ્રી અંબાલાલભાઈ તે વિસ્તારના જાણીતા સામાજીક કાર્યકર છે. વહેલી સવારે ભારે શ્રમ લઈ તેઓએ અને તેમના કુટુંબીજનોએ તેમની ગણેશ પલ્સ મિલમાં દૂધ નાસ્તાની વ્યવસ્થા કરી, અહીં બાળકોને મુક્ત રીતે દોઢ બે કલાક સુંદર સ્થળે આનંદ કરવાની મજા આવી.

ખંભાતમાં લાલબાગ પાસેના **શ્રી શકુંતલા કાંતિલાલ વાઘેલા** બાલમંદિરમાં આ સંસ્થાના શુભેચ્છક **શ્રી જવાહરભાઈએ** અમારા ઉતારા માટેની ખૂબજ સુંદર વ્યવસ્થા કરાવી હતી. બાળકોને ખરીદી માટે લઈ જવાને બદલે ઉતારાના સ્થળે જ અકીકની ચીજો મળી રહી, તે આયોજનથી સમય પણ બચ્યો અને બાળકો પણ નિરાંતે વિવિધ ચીજો ખરીદી શકયા.

બોચાસણના શ્રી અક્ષર પુરૂષોત્તમ મંદિરમાં બાળકોએ ખૂબ જ આનંદ કર્યો **પૂ. શ્રી ઇશ્વરચરણ સ્વામીએ** ખૂબજ લાગણીથી બાળકોની સુવિધા માટે આયોજન કર્યું હતું. બોચાસણમાં પૂ. શ્રી ત્યાગવલ્લભસ્વામી બાળકોને કોઈ જ મુશ્કેલી ન પડે તે માટે જાતે સેવામાં લાગી ગયાં હતાં. આ સંતોએ આ ધર્મની સુવાસ ભારતભરમાં અને વિશ્વમાં–ફેલાવી છે. ભગવાનનો રાજીપો મેળવવા માટે પ્રમુખસ્વામીની ઈચ્છા મુજબનું આદર્શમય જીવન આ સંતો ગાળે છે, તેની પ્રતિતિ થઇ. વહેલી સવારે બાળકોને દૂધ આપવાનાં વાસણોને પૂ. ત્યાગવલ્લભસ્વામી જાતે લઇને આવતાં જોઈ આંચકો લાગ્યો "સ્વામી, તમે પોતે લાવ્યાં?" એમ સહેજે પૂછાઈ ગયું, એમણે કશુંજ અજુગતું ન હોય તેમ કામ ચાલુ રાખ્યું, સેવા અને ધર્મના ઐકયસ્વરૂપનાં સુભગ દર્શન પણ થયાં.

ઉપધાનની તપશ્ચર્યા ચાલતી હોઈ કલિકુંડ પાર્શ્વનાથ ધોળકામાં યાત્રિકો પાર વગરનાં હતાં, કાર્યકરો તે સૌની સુવિધા માટે ખૂબજ જ દોડાદોડી કરતાં હતાં. આ સંજોગોમાં બાળકોની સુવિધા સાચવી નહીં શકાય એવો ડર હતો, પરંતુ રોયલ ફર્નિચરવાળા **શ્રી ચંપકભાઇ** એવી ઠંડીમા મોડી રાત સુધી અમારી સાથે રહ્યા, ભોજનની વ્યવસ્થા પોતાની ફેકટરીમાં તો કરી પરંતુ ઉતારા માટે તેઓ જેની સાથે સંકળાએલા છે, તે શાળામાં વ્યવસ્થા કરવા માટે ત્યાંના આચાર્યશ્રી સાથે રહી આયોજન ગોઠવવા લાગ્યા. તેમના નાનાભાઈ **શ્રી ધીરૂભાઇએ** પણ અમારી સાથે મોડી રાત સુધી રહી સ્વજનની માફક જ કામમાં રહ્યાં અને બીજે દિવસે બાળકોને માટે જામફળની વાડીમાં જવાની ગોઠવણ કરી, એટલુંજ નહીં પણ સાથે પણ આવ્યા. રોયલ ચેર્સની ફેકટરીની ખૂલ્લી જમીનમાં રાત્રે કેમ્પ ફાયર અને બીજે દિવસે રમતો રમી બાળકોએ ખૂબજ આનંદ કર્યો.

અમારા પ્રવાસની સફળતામાં આવા સ્વજનોનો પ્રેમ અને લાગણી બહુ મોટો ભાગ ભજવે છે. એવી લાગણી સાથે વિરમું છુ.

દિનુભાઈ

## "કામ કરશો તો નામ થશે"

"બહેન, મારે આ શારદમાં આપવું છે," કહેતી ઋચા ધીમે પગલે મારી પાસે આવીને મારા હાથમાં એક નોટનાં કાગળ પર લખેલ કેટલીક પંક્તિઓ આપીને ઊભી રહી. તેનાં મો પરના ભાવમાં કંઈક ન કળાય તેવી મૂંઝવણુ વરતાતી હતી. મેં કહ્યું. "બેટા, જરા બેસ, હું તારૂં લખાણુ જોઈ લઉં" ને મેં એ કાગળ જોવા માંડયો. શિર્ષક હતું 'ગઝલ' અને પહેલો જ મેં એક આંચકો અનુભવ્યો, કારણ કે ધોરણ પાંચમાં ભણુતા વિદ્યાર્થી માટે ગઝલનો કાવ્ય પ્રકાર એ જરા વધુ ગહન લાગે, જ્યારે સામાન્ય કાવ્યોનાં પ્રકારથી પણ તે પૂરા સુપરિચિત ન હોય ત્યારે આ પ્રકારનો ખ્યાલ તેને કયાંથી હોય ? છતાં મારાં વિચારોને કાબુમાં રાખી હું આખું કાવ્ય વાંચી ગઈ, ને એ વાંચતા કેટલાંક શબ્દો આ કક્ષાના વિદ્યાર્થીનાં શબ્દભંડોળમાં ન જ હોઈ શકે તેવો તરત જ ખ્યાલ મને આવ્યો, ને મેં તેને પૂછયું. "બેટા, આ શબ્દોનો અર્થ મને કહેશે?" ને તે મૂંઝાઈ, તેણે મને સમજાવવાનો વ્યર્થ પ્રયત્ન તો કર્યો પણ તેની મૂંઝવણ હું કળી શકી ને મેં પૂછયુ" આ કાવ્ય તેં લખ્યું છે?" તેણે 'હા' તો કહી પણ તે "હા" પાછળની તેની અસ્વસ્થતા સ્પષ્ટપણે વ્યક્ત થતી હતી, ને મારે તેને પાસે બોલાવી વહાલથી કહેવું પડયું, "બેટા, આપણે જાતે બનાવ્યું હોય, આપણે જાતે રચ્યું હોય, આપણે જાતે જેનું સર્જન કર્યું હોય તેવા જ લખાણ નીચે આપણું નામ લખીને પ્રસિદ્ધ કરાવી શકાય. આપણું 'શારદ' વિદ્યાર્થીઓની કલ્પનાશક્તિ, વિચારશક્તિ, લેખનશક્તિ ને પ્રોત્સાહન મળે તે માટે જ છે. તેમાં મૌલિક્તા એ મહત્વની વાત છે. શારદમાં આપણું નામ આવે તે મહત્વનું નથી, પણ આપણી લેખન શક્તિ ખીલે તે વધુ મહત્વનું છે. અને આપણું પોતાનું મૌલિક લખાણ ન હોય તો તેને આપણાં નામ સાથે જોડવાનો આપણને અધિકાર હોય ખરો?"

કયારેક કોઈક લખાણુ ખૂબ સુંદર લાગે અને 'શારદ' માટે ઘણું યોગ્ય લાગે ત્યારે પોતાનું ન હોય તો તે સંકલન-રૂપે 'શારદ'માં પ્રગટ કરી શકાય ખરું પણ વિદ્યાર્થીનાં મૌલિક લખાણનું તો મહત્વ વધુ રહે જ ને?

અને એટલે જ મારે વિદ્યાર્થીઓને ફક્ત એટલું જ કહેવું છે. લખવાની શરૂઆત કરો, લખવાનો મહાવરો રાખો, નામ તો આપોઆપ પ્રસિદ્ધ થશે,

**"કામ કરશો તો નામ થશે"**

**ઉર્મિલા શાહ**

# સંસ્થાકીય સમાચાર

## બાલમંદિર

ડિસેમ્બર મહિનામાં તાલીમ મંડળીના બાળકોને રમતોત્સવ યોજવામાં આવ્યો. તેમાં વિજેતા બનેલા બાળ-કોને બિરૂદ આપવામાં આવશે.

તા. ૧૨-૧-૮૭ને સોમવારે તાલીમમંડળીના બાળકોનો વિશાલા પ્રવાસ યોજવામાં આવ્યો. સવારના ૮ વાગે સમયસર પ્રવાસ ઉપડયો. ત્યાં પહોંચીને પહેલાં પુરાતત્વીય સમૃદ્ધિ સમાન વાસણોનું પ્રદર્શન જોયું. બાળકોની કક્ષા પ્રમાણેની સમજ શિક્ષકો આપતા ગયા અને બાળકોએ જિજ્ઞા-સાપૂર્વક બધું નિહાળ્યું. ત્યાંથી આગળ સૂર્યકુકર, બંબો વિગેરે ઝીણવટથી જોઈ બધા બાળકો હિંચકા ખાવા દોડી ગયા. ટુકડી પ્રમાણે કઠપુતળીનો ખેલ જોયો અને કુંભારના ચાકડા પાસે ઉભા રહી તેની ક્રિયા રસપૂર્વક નિહાળી. ૧૧-૩૦ વાગે બધા જ બાળકોને ભોજન માટે બેસાડયા.

સૌ પ્રથમ હજમાહજમનું પાણી પીધું, પછી ગરમાગરમ રોટલા, ભાખરી, માખણ, બટાટા ને ફ્લાવર-વટાણાનું શાક, ઉગાડેલા મગ, ખીચડી, કઢીને પાપડનું જમણ ઉત્સાહભેર પેટભરીને જમ્યા, ઉપર ઠંડી મઝાની છાશ પીધી. વિશાલાની મહેમાનગતિ માણી પાછા ફર્યા.

તા. ૨૩-૧-૮૭ને શુક્રવારે ફેન્સીડ્રેસની હરિફાઇ યોજવામાં આવી. તાલીમમંડળીના ૧૦૩ બાળકોએ ભાગ લીધો. તેમાં દરેક ટુકડીમાંથી પ્રથમ, દ્વિતીય ઈનામ શ્રી પૂર્ણાબેન અનિલભાઈ મહેતા અને શ્રી પ્રિતીબેન કમલકુમાર મહેતાના હસ્તક આપવામાં આવ્યા. ફેન્સીડ્રેસના બંને નિર્ણાયકોના અમે આભારી છીએ.

**જયોત્સનાબેન શોધન**

## શિશુમંદિર

શિશુમંદિરમાં પ્રાર્થના સભામાં નીચે પ્રમાણે **વક્તવ્યના કાર્યક્રમો યોજાયાં.**

તા. ૧-૧૨-૮૬ પૂ. કાકાસાહેબ કાલેલકર જન્મજયંતિ
તા. ૨૪-૧૨-૮૬ શ્રી જયભિખ્ખુ પુણ્યતિથિ.
ત. ૧૧-૧-૮૭ શ્રી લાલબહાદુર શાસ્રી પુણ્યતિથિ
તા. ૧૨-૧-૮૭ સ્વામી વિવેકાનંદ જન્મજયંતિ
તા. ૩૦-૧-૮૭ પૂ. ગાંધીજીની પુણ્યતિથિ.

**સુલેખન સ્પર્ધા : ધોરણ ૧ થી ૪ :** તા. ૨૮-૧૧-૮૬

ધો. ૧ (૧) કૌશલ મહેતા ब (૨) બીજલ શાહ क
(૩) પૂજા પંચાલ अ.

ધો. ૨ (૧) કૈરમ શાહ ब (૨) ઝીલ મહેતા अ
(૩) ઋષિત શાહ ब.

ધો. ૩ (૧) વિરાજ શાહ ब (૨) રીનલ લાખાણી ब
(૩) સલીલ શાહ ब

ધો. ૪ (૧) સજની શાહ क (૨) અવનિ અધ્વર્યુ अ
(૩) મૌલેશ પાઠક ब

**આંતરગૃહ નિબંધ સ્પર્ધા : તા. ૬–૧૨–૮૬**

પ્રથમ નીરવ શાહ ૭ अ (રત્નદીપ)
દ્વિતીય જાનકી શાહ ૭ ब (મેઘનાદ)
તૃતીય જયુલ ભટ્ટ ૭ अ (મેઘનાદ)

**આંતરગૃહ વકતૃત્વ સ્પર્ધા તા. ૧૨–૧૨–૮૬**

પ્રથમ ઉત્પલ હઠીસિંગ ૭ अ (ધવલગિરિ)
દ્વિતીય જાનકી શાહ ૭ ब (મેઘનાદ)

**આંતરગૃહ સુગમસંગીત સ્પર્ધા તા. ૧૯–૧૨–૮૬**

**પ્રથમ** :– ઋચા પાઠક ૭ ब (ગંગોત્રી)
પ્રિયા અધ્યારૂ ૭ अ (ધવલગિરિ)
**દ્વિતીય** :– અનાર કઠિયારા ૬ अ (મેઘનાદ)
અભિજ્ઞા શુકલ ૭ क (મેઘનાદ)
**તૃતીય** :– મૌલી રાવળ ૭ ब (ગંગોત્રી)
રીતુ પટેલ ૬ ब (રત્નદીપ)

**આંતરગૃહ ચિત્ર સ્પર્ધા તા. ૧૭–૧–૮૭**

**પ્રથમ** :– નિરજ શોધન ૭ क (રત્નદીપ)
**દ્વિતીય** :– સિરાલી મુન્શી ૬ अ (રત્નદીપ)
કૃષ્ણા દેસાઈ ૬ अ (ગંગોત્રી)
**તૃતીય** :– સચીન શાહ ૬ अ (મેઘનાદ)

સૌ વિજેતા વિદ્યાર્થી ભાઈ બહેનોને **અભિનંદન.**

**પર્યાવરણ રેલી** :– તા. ૧૪ ૧૨–૮૬નાં રોજ વર્લ્ડ વાઇલ્ડ લાઇફનાં ઉપક્રમે પર્યાવરણ રેલીનું આયોજન કરવામાં આવ્યું જેમાં વિદ્યાર્થીઓએ વૃક્ષની જરૂરીઆત અને જતનને અનુલક્ષીને તૈયાર કરેલા બેનર્સ લઈને શારદામંદિરથી રેલીની શરૂઆત કરી, એન. સી. સી મેદાન પર પહોંચ્યા જ્યાં તેમણે વૃક્ષો ઉછેરવાની પ્રતિજ્ઞા લીધી.

**નાટક** :– તા. ૬–૧–૮૭નાં રોજ **શ્રી પ્રાણસુખનાયકે** ધો. ૧ થી ૪નાં બાળકો સમક્ષ **'મિથ્યાભિમાન'** અને **'આરામ હરામ હૈ'** રજૂ કર્યા. વિદ્યાર્થીઓએ તેને ખૂબ માણ્યું

**પ્રવાસ** :– **૨૫-૧૨–૮૬ થી તા. ૨૯–૧૨–૮૬** દરમ્યાન શાળા તરફથી ધોળકા, ડાકોર. ઓચાસણ, ખંભાત, તાજપુરા, પાવાગઢ, વેળાવદર વગેરે સ્થળોનો પ્રવાસ યોજાયો,
**રમતોત્સવ** :– ૨૩-૧–૮૭નાં રોજ આંતરગૃહ રમતોત્સવ યોજવામાં આવ્યો. વિજેતા ભાઈબહેનોને અભિનંદન.

**ચિત્ર** :– જાપાનમાં યોજાતી કાંગાવા ચિત્ર સ્પર્ધામાં ધો. ૭ अની **ચિ. રાધી ધૂળધોયાને** પ્રમાણપત્ર મેળવવા બદલ **અભિનંદન.**

શાળા તરફથી ચિત્ર પરીક્ષામાં બેઠેલા વિદ્યાર્થીઓમાં એલીમેન્ટરી પરીક્ષામાં ૩૧ વિદ્યાર્થીઓમાંથી ૨૭ વિદ્યા-ઉત્તીર્ણ જાહેર થયાં છે ઇન્ટરમીડીયેટ પરીક્ષામાં બેઠેલા ૨૬ વિદ્યાર્થીઓમાંથી બધાં જ ઉત્તીર્ણ જાહેર થયાં છે.

**જયશ્રીબેન દવે**

## વિનયમંદિર

દર વર્ષની જેમ આ વર્ષે પણ ધો. ૮–૯ માટે તા. ૨૧ અને ૨૨ જાન્યુઆરીના રોજ રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઇન્ટરેકટ કલબના ઉપક્રમે આ વર્ષે અંધજન મંડળ, વસ્ત્રાપુર તરફથી એક **'મેચ બોકસ હરિફાઈ'** માં બાળકોએ ભાગ લઈ રૂ. ૧૦૩૮૨–૫૦ જેટલી રકમની મદદ કરી દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

આ હરીફાઈમાં **શાહ નિરજ દિપકભાઇએ 'સ્કુલ મેચ બોકસ મહારાજા'** નું, **પરીખ દર્શી અનીલભાઇએ 'સ્કુલ મેચબોકસ મહારાણી'** નું, તેમજ **શાહ દેવલ ભરતભાઇએ 'સ્કુલ મેચ બોકસ ચેમ્પીયન'**નું બિરુદ પ્રાપ્ત કર્યું હતું.

તા. ૨૮–૧–૮૭ ને શનિવારે, ધો. ૮–૯ માટે 'ઇન્ટરેકટ કલબ'ના ઉપક્રમે **શ્રી અનિલાબહેન દલાલનું 'શરદબાબુનાં સ્ત્રી અને કિશોર પાત્રો'** એ વિષય ઉપર પ્રવચન રાખવામાં આવ્યું હતું. આ પ્રવચન ખૂબ જ વિદ્વતાપૂર્ણ અને મનનીય હતું.

શ્રેણી ૯ના વિદ્યાર્થી ભાઈ–બહેનો માટે Aptitude test યોજવામાં આવ્યો હતો.

**ગરબા સ્પર્ધા** : તા. ૧૫–૧૨–૮૬ નાં રોજ આંતરગૃહ ગરબા સ્પર્ધા યોજાઈ. જેમાં નિર્ણાયક તરીકે **શ્રી સાધનાબેન દેસાઈ શ્રી હિમાલી ત્રિવેદી તથા શ્રી નેહા કાનુગાએ** સેવા આપી તે બદલ સંસ્થા આભારની લાગણી વ્યક્ત કરે છે પરિણામ આ પ્રમાણે હતું.

**તાલી ચપટી** : **પ્રથમ** : મેઘદૂત **દ્વિતીય** : પદ્મપુકુર
**વૈવિધ્ય ગરબા** : **પ્રથમ** : મેઘદૂત **દ્વિતીય** : પદ્મપુકુર

**પ્રવાસ** : તા. ૨૫ મી ડિસેમ્બરની વહેલી સવારે **'નવભારત ટ્રાવેલ્સ'** ની બે લકઝરી બસો દ્વારા પ્રવાસનો શુભારંભ થયો. મુંબઇમાં જોવાલાયક સ્થળોની મુલાકાત લઈ મહા-બળેશ્વર'ના ત્રણેક દિવસના રોકાણ દરમ્યાન વિદ્યાર્થીઓએ ઘોડેસ્વારી તથા નૌકાવિહારની મુક્ત મને મજા માણી તથા મનમૂકીને ખરીદી કરી અને પ્રાકૃતિક સૌંદર્ય માણ્યું અને તેની કાયમી યાદગીરીરૂપે અનેક ફોટા પાડયા.

મહાબળેશ્વરથી પાછાં ફરતાં પૂના થઈ ઔરંગાબાદ નજીક ઇલોરાની ગુફાઓ જોઈ નાસિક અને સાપુતારાની મુલાકાત લઈ ૧ લી જાન્યુઆરીનાં રોજ બપોરે અમદાવાદ પાછા ફર્યા.

**દેવેન્દ્રભાઈ ઠાકર**

તંત્રી, મુદ્રક, પ્રકાશક : હિનુભાઈ દ. દવે આચાર્ય અને નિયામક
શારદામંદિર રોડ, અમદાવાદ–૩૮૦૦૦૭.
મુદ્રક સ્થળ : વિકાસ મુદ્રણાલય, વિકાસગૃહ, અમદાવાદ–૭.